આંક –27

| સેશન્સ કેસ નંબરઃ– 60/2022 | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 8 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | મશરાભાઈ હમીરાભાઈ ગલચર(અનુસુચિત જાતી) | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | – |
| ઉંમર આશરે | ૬૦ | વરસની | ધંધો | મજુરી |
| રહેવાનુ | માલોત્રા, તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી. કંસારા |

(૧) હું અભણ છું. મને ગુજરાતી લખતા વાંચતા આવડતી નથી. હું મારી સહી તરીકે મારા હાથના અંગુઠાનું નિશાન આપુ છું. આજથી બે ત્રણ વર્ષ પહેલા માલોતરા ગામથી આવતો હતો. તે વખતે પોલીસે મને એક તૈયાર પંચનામામાં મારી સહી તરીકે મારા ડાબ હાથના અંગુઠાનું નિશાન લીધેલું. આ કામના આરોપી વિક્રમભાઈ વાઘાભાઈને મારો ગામનો હોવાથી ઓળખુ છું. આ સહી શી બાબતની હતી તે અંગે પોલીસે મને સમજ કરેલ નથી. મારી હાજરીમાં પોલીસ ે કોઈ પંચનામુ કરેલ નથી. આ આરોપી ત્યાં હાજર હતા અને તેમણે મારી હાજરીમાં કોઈ કપડા રજુ કરેલ નથી. હું પંચનામા વિશે કંઈ જાણતો નથી.

મને માર્કઃ૫/૮વાળું આરોપીની શરીર સ્થિતીનું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી તરીકે મારા ડાબા હાથના અંગુઠાનું નિશાન છે, જે હુ ઓળખી બતાવુ છે, જે રજુ દાખલ **<u>આંકઃ૨૮</u>** આપવામાં આવે છે.

**<u>હોસ્ટાઈલ</u>**

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની**

સાહેદની સહી............................

**પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે તા.૧/૮/૨૨ના રોજ સાડા દશથી સાડા અગિયાર વાગ્યાના સુમારે ધાનેરા પોલીસે પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને ત્યાં પંચનામા વિશે સમજ કરેલી. ત્યાં આ કામના આરોપી વિક્રમભાઈ વાઘાજી ભીલ રહે.માલોતરા વાળા હાજર હતા અને તેમણે અમારી હાજરીમાં એક પોપટી તથા સફેદ કલરનું શર્ટ તથા કાળા કલરનું જીન્સ પહેરેલ હતું. જે કપડા પોલીસે બદલાવી અમારી હાજરીમાં રજુ કરેલા અને આ આરોપીએ એક પોપટી સફેદ કલરનું આંખી બાંયનું શર્ટ ખિસ્સાવાળું જેના ઉપર કલાસિક લખેલુ હતુ તે રજુ કરેલ હતું. આ કપડા પોલીસ ` અમારી હાજરીમાં કબજે કરેલા અને તેને એક કાપડની બેગીમાં મુકી સીવી અને પી.આઈ. ધાનેરાવાળાનું સીલ મારેલું. એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા માટે સોગંદ પર ખોટી જુબાની આપુ છું.

**સરતપાસ પુરી....**

**<u>ઉલટ તપાસ આરોપી તરફે વિ.વ.શ્રી. એમ.જી.સુથાર.</u>**

(૨) ઉલટતપાસ નથી.

**ઉલટ તપાસ નથી.**
**ફેરતપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૯/૧૨/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>૬ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી............................